# સુરતમાં જનઆક્રોશ ફાટ્યો, નેતાઓનો ઘેરાવ

**સ્વામિનારાયણ** નગરમાં કોર્પોરેટરના ઘરનો મહિલાઓનો ઘેરાવ

સુરતઃ ચોમાસાના પ્રથમ ભારે વરસાદે સુરતમાં સર્જેલી ખાડી પૂરની આફત માત્ર હજારો પરિવારો માટે આર્થિક અને માનસિક આઘાત જ નહીં, પરંતુ વહીવટી તંત્ર અને શાસક પક્ષ સામે લોકોના વર્ષોથી દબાયેલા રોષનો પણ વિસ્ફોટ બની છે. ઘરોમાં પાણી ઘૂસતા, લાખો રૂપિયાનું નુકસાન થતાં અને ત્રણ-ત્રણ દિવસ સુધી પીવાનું પાણી, ભોજન તથા જરૂરી મદદ ન મળતાં લોકોનો ધીરજનો બંધ તૂટી ગયો છે. પરિણામે એક તરફ વોર્ડ નં. 3ના સ્વામિનારાયણ નગરમાં મહિલાઓએ ભાજપના કોર્પોરેટરના ઘરનો ઘેરાવ કર્યો, તો બીજી તરફ પાંડેસરામાં પૂરની સમીક્ષા કરવા પહોંચેલા મહાનગરપાલિકાના અધિકારીઓને સ્થાનિકોના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડ્યો હતો. ખાડી પૂરની આ વખતેની આપત્તિ માત્ર કુદરતી આફત રહી નથી, પરંતુ તે વહીવટી આયોજન, ગેરકાયદે દબાણો અને રાજકીય જવાબદારી સામે લોકોના અસંતોષનો વિસ્ફોટ બની છે.

## ગર્ભવતી મહિલાને પણ કોર્પોરેટરની સમયસર મદદ નહીં મળી

સ્થાનિકોએ વધુ એક ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે પૂર દરમિયાન એક ગર્ભવતી મહિલાને હોસ્પિટલ લઈ જવાની તાત્કાલિક જરૂર હતી. કોર્પોરેટરને અનેક વખત ફોન કરીને વાહન કે હોડી મોકલવાની વિનંતી કરવામાં આવી હતી, પરંતુ કોઈ મદદ મળી નહોતી. અંતે સ્થાનિકોએ જ જીવના જોખમે મહિલાને હોસ્પિટલ પહોંચાડી હતી.





## મત માંગવા ઘરે ઘરે પહોંચા નેતાઓ લોકોની હાલત પૂછવા પણ આવ્યા નથી: મહિલાઓ

વોર્ડ નં. 3ના સ્વામિનારાયણ નગરમાં મહિલાઓનું ટોળું ભાજપના કોર્પોરેટર સુરેશ ધામેલીયાના નિવાસસ્થાને પહોંચી ગયું હતું. મહિલાઓએ સૂત્રોચ્ચાર સાથે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી સમયે મત માંગવા માટે નેતાઓ અને તેમના કાર્યકરો ઘેર-ઘેર પહોંચતા હતા, પરંતુ આજે આખી સોસાયટી પાણીમાં ગરકાવ થઈ હોવા છતાં કોઈ ધારાસભ્ય કે કોર્પોરેટર લોકોની હાલત પૂછવા પણ આવ્યો નથી. સ્થાનિક મહિલાઓએ જણાવ્યું કે ઘરોમાં પાણી ભરાઈ જતાં ખાવાનું અનાજ, પીવાનું પાણી અને રોજિંદી જરૂરિયાતની વસ્તુઓનો પણ અભાવ સર્જાયો હતો. નાના બાળકો ત્રણ દિવસ સુધી ભારે મુશ્કેલીમાં રહ્યા છતાં કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિ મદદે આવ્યો નહીં.

## બિલ્ડરો અને રાજકીય મિલિભગતના આક્ષેપો

સ્થાનિકોએ આ પૂર કુદરતી નહીં પરંતુ માનવસર્જિત હોવાનું કહી બિલ્ડરો અને રાજકીય નેતાઓ વચ્ચે મિલિભગતના ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમના જણાવ્યા મુજબ ખાડીના કુદરતી વહેણ પર ગેરકાયદે દિવાલો અને બાંધકામો ઊભા કરાતા પાણીનો નિકાલ બંધ થયો અને આખો વિસ્તાર પાણીમાં ગરકાવ થયો. લોકોએ માંગ કરી હતી કે ખાડીના કુદરતી માર્ગમાં આવેલા તમામ ગેરકાયદે અવરોધો દૂર કરીને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે.

## ‘કિટ નહીં, કાયમી ઉકેલ આપો’

પૂરગ્રસ્ત મહિલાઓએ સરકારની રાહત સહાયને લઈને પણ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે હજારો અને લાખો રૂપિયાનું નુકસાન થયા બાદ માત્ર કેશડોલ્સ કે રાહત કિટ આપવાથી પ્રશ્ન ઉકેલાશે નહીં. મહિલાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે તેમને ભીખ નહીં પરંતુ ખાડી પૂરની સમસ્યાનો કાયમી ઉકેલ જોઈએ. જો સરકાર કાયમી ઉકેલ નહીં લાવે તો આગામી ચૂંટણીમાં મત માંગવા ન આવવાની પણ ચેતવણી આપવામાં આવી હતી.

## પાંડેસરામાં પાલિકા અધિકારીઓ સામે ઉગ્ર વિરોધ

બીજી તરફ પાંડેસરામાં પણ લોકોનો રોષ રસ્તા પર જોવા મળ્યો હતો. સતત ત્રણ દિવસ સુધી પાણીમાં ફસાયેલા વિસ્તારોમાં જ્યારે મહાનગરપાલિકાના અધિકારીઓ સમીક્ષા અને ફૂડ પેકેટ વિતરણ માટે પહોંચ્યા ત્યારે સ્થાનિકોએ તેમની સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. રહિશોએ આક્ષેપ કર્યો હતો કે ખાડીનું પાણી વધવાની અગાઉથી જાણ કરવા છતાં તંત્રએ સમયસર કોઈ પગલાં લીધાં નહોતાં. હવે બધું નુકસાન થઈ ગયા બાદ માત્ર દેખાવ માટે મુલાકાત લેવામાં આવી રહી હોવાનું કહી લોકો અધિકારીઓ સાથે ઉગ્ર બોલાચાલીમાં ઉતરી આવ્યાં હતાં.

## ત્રીજા દિવસે પણ આ વિસ્તારો પાણીની વચ્ચે

**તારીખ 09/07/2026ના રોજ સાંજે 6:00 વાગ્યા સુધીમાં**

- પાણી ભરાયેલા વિસ્તારોઃ શહેરમાં કુલ 182 સ્થળો પર પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. જેમાંથી 175 સ્થળો પરથી પાણીનો નિકાલ કરી દેવાયો છે, જ્યારે હજુ પણ 7 સ્થળો પર પાણી ભરાયેલા છે અને ત્યાં કામગીરી ચાલુ છે.
- પૂરના પાણીમાં ફસાયેલા કુલ 3648 નાગરિકોનું સુરક્ષિત રીતે રેસ્ક્યૂ (બચાવ) કરવામાં આવ્યું છે.
- નીચાણવાળા અને અસરગ્રસ્ત વિસ્તારોમાંથી કુલ 4313 લોકોને સલામત સ્થળે રાહત કેન્દ્રોમાં ખસેડવામાં આવ્યા છે.
- કુલ 534276 ફૂડ પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે.
- અસરગ્રસ્તોને કુલ 99270 પાણીની બોટલો પૂરી પાડવામાં આવી છે.
- નાના બાળકો અને પરિવારો માટે કુલ 24339 દૂધના પેકેટોનું વિતરણ કરાયું છે.
- શહેરમાં આવેલા કુલ 65 પમ્પિંગ સ્ટેશનોમાંથી 64 સ્ટેશનો કાર્યરત છે. જ્યારે પર્વત વિસ્તારનું 1 પમ્પિંગ સ્ટેશન પૂરના પાણીમાં ડૂબી જવાને કારણે હાલ બંધ છે.
- શહેરમાં કાર્યરત તમામ 11 એ 11 સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ હાલ સંપૂર્ણપણે ચાલુ સ્થિતિમાં છે.
- પીવાના પાણીના વિતરણ માટેના તમામ 36 સ્ટેશનો કાર્યરત છે.
- શુદ્ધ પાણી પૂરૂં પાડતા તમામ 18 વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ પણ સંપૂર્ણપણે કાર્યરત છે.

**ધારાસભ્યોનો તંત્ર પર આકરો પ્રહાર**

# ‘દર વર્ષે બેઠકો થાય છે, છતાં પાંચ ઇંચમાં સુરત ડૂબી જાય છે

**મુખ્યમંત્રીના** પણ આકરા તેવર : ખાડી કિનારાના તમામ દબાણો પર બુલડોઝર ફેરવી દેવા મુખ્યમંત્રીનો કડક આદેશ, કોઈની પણ રાજકીય ભલામણ ચલાવી લેવાશે નહીં

### દર વર્ષે મીટીંગો જ કરવાની હોય તો મીટીંગોનો કોઇ મતલબ નથી : કુમાર કાનાણીનો આક્રોશ

ધારાસભ્ય કુમાર કાનાણીએ ઉગ્ર રોષ ઠાલવતા જણાવ્યું હતું કે ગત વર્ષે મીટીંગ કરી પરંતુ ફરીથી ખાડી પૂરની પરિસ્થિતિ સર્જાય. જો આ વર્ષે પણ માત્ર મિટિંગ જ કરવાની હોય તો મિટિંગનો કોઈ મતલબ રહેતો નથી. પુર આવી ગયા બાદ પાણીના નિકાલ માટેની જે કામગીરી થવી જોઈએ તે પણ થતી નથી. બોટ માગવા છતાં બોટ મળતી નથી. પંપ આવે છે તો ચાલતા નથી. અધિકારીઓ ફોન ઉપાડતા નથી અને સ્થળ પર હાજર રહેતા નથી. જેથી આવા અધિકારીઓને નોટિસ આપવા અને સસ્પેન્ડ કરવા રજૂઆત કરી હતી

સુરત : ચોમાસાની શરૂઆતમાં જ સર્જાયેલા ખાડી પૂરે સુરત શહેરની પૂર વ્યવસ્થાપનની પોલ ફરી એકવાર ખુલ્લી પાડી છે. સામાન્ય વરસાદમાં જ મીઠી ખાડી, સીમાડા ખાડી સહિતની ખાડીઓ ઓવરફ્લો થતાં અનેક રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

આ જનઆક્રોશ વચ્ચે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તાત્કાલિક સુરત દોડી આવ્યા હતા અને ધારાસભ્યો, સાંસદો તથા વરિષ્ઠ અધિકારીઓ સાથે મેરેથોન બેઠકો યોજી ખાડી પૂર સામે કાયમી ઉકેલ માટે નક્કર કાર્યવાહીનો આદેશ આપ્યો હતો.

જનપ્રતિનિધિઓએ બેઠકમાં શહેરમાં દર વર્ષે સર્જાતી ખાડી પૂરની સમસ્યા માટે વહીવટી તંત્રના નબળા આયોજન અને ખાડી કિનારાના ગેરકાયદે દબાણોને જવાબદાર ઠેરવતાં કડક રજૂઆતો કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીએ સુરત મહાનગરપાલિકાને શહેરમાં ફરી ક્યારેય ખાડી પૂર જેવી સ્થિતિ ન સર્જાય તે માટે વ્યાપક એક્શન પ્લાન તૈયાર કરવાનો આદેશ આપ્યો હતો.

સાથે જ પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધરૂપ તમામ ગેરકાયદે બાંધકામો અને દબાણો તાત્કાલિક દૂર કરવાની સ્પષ્ટ સૂચના આપી હતી.ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે પણ ખાડી પૂર બાદ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી અને અનેક નિર્ણયો લેવાયા હતા. છતાં, આ વર્ષે સીઝનના પહેલા જ વરસાદમાં ફરી એ જ પરિસ્થિતિ સર્જાતા તંત્રની કામગીરી સામે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. આ વખતે મુખ્યમંત્રીની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી તથા ગૃહમંત્રી હર્ષ સંઘવી, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ અને નાણામંત્રી કનુ દેસાઈ પણ જોડાયા હતા.

ધારાસભ્ય અરવિંદ રાણાએ જણાવ્યું હતું કે, અગાઉ ચાર-ચાર વર્ષે તાપી નદીમાં પૂર આવતું હતું, જ્યારે હવે માત્ર પાંચથી છ ઈંચ વરસાદમાં જ ખાડી પૂર જેવી સ્થિતિ સર્જાઈ જાય છે. વારંવાર બેઠકો છતાં પરિણામ ન મળતા તેમણે ખાડીઓના વહેણને વધુ પહોળો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.ધારાસભ્ય મનુ પટેલે ખાડી પૂરથી અસરગ્રસ્ત પરિવારોની વ્યથા રજૂ કરતાં જણાવ્યું કે, દર વર્ષે હજારો પરિવારોની જીવનભરની મૂડી પાણીમાં ધોવાઈ જાય છે. અસરગ્રસ્તોને આશ્રય, ભોજન, તબીબી સારવાર અને જરૂરી ઘરવખરીની સહાય તાત્કાલિક ઉપલબ્ધ કરાવવાની તેમણે સરકાર સમક્ષ માંગ કરી હતી. ધારાસભ્ય કાંતિ બલરે પણ સીમાડા અને મીઠી ખાડી દર વર્ષે ઓવરફ્લો થતી હોવાની નોંધ લઈને કહ્યું કે, સામાન્ય વરસાદમાં જ શહેરના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જાય છે. તંત્ર ભૂતકાળમાંથી કોઈ બોધપાઠ લેતું નથી, તેથી આ સમસ્યાનો કાયમી ટેકનિકલ ઉકેલ લાવવાની જરૂરિયાત છે. બેઠકના અંતે રાજ્ય સરકારે સુરત માટે મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કરતાં ખાડી રિડેવલપમેન્ટ, ખાડીઓને વધુ ઊંડી કરવાની કામગીરી, કુદરતી પાણીના પ્રવાહમાં અવરોધરૂપ તમામ માળખાં દૂર કરવા અને ખાડી કિનારાના ગેરકાયદે દબાણો હટાવવા માટે રૂ. 500 કરોડનું વિશેષ ભંડોળ ફાળવવાની જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રીએ મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ તંત્રને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી હતી કે, દબાણો દૂર કરવાની કામગીરીમાં કોઈપણ પ્રકારની રાજકીય ભલામણ કે દખલગીરી સહન કરવામાં આવશે નહીં અને પાણીના કુદરતી વહેણને અવરોધતા તમામ ગેરકાયદે બાંધકામો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# પાંડેસરાની 125 મિલમાં ત્રણ દિવસથી ઉત્પાદન ઠપ



**ભેદવાડ** ખાડી ઓવરફ્લો થતાં 5થી 6 ફૂટ પાણી ઘૂસ્યા; CETP અને પમ્પિંગ સ્ટેશન પણ જળબંબાકાર

**વીમા વગરના** ઉદ્યોગકારો ડિફોલ્ટરની કગાર પર, O&M ચાર્જમાં એક મહિના માટે 50 ટકા રાહત જાહેર કરી

સુરતઃ તા.7 જુલાઈ દરમિયાન સુરત શહેરમાં પડેલા 14થી 16 ઈંચના અતિભારે વરસાદે પાંડેસરા જીઆઈડીસીના ઔદ્યોગિક વિસ્તારને ભારે ફટકો પહોંચાડ્યો છે. ભેદવાડ ખાડી ઓવરફ્લો થતાં અને વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટોર્મ વોટર ડ્રેનેજ વ્યવસ્થા નિષ્ફળ જતાં સમગ્ર વિસ્તારમાં 5થી 6 ફૂટ સુધી પાણી ભરાઈ ગયું હતું. પરિણામે પાંડેસરા જીઆઈડીસીની 125થી ટેક્સટાઈલ મિલોમાં છેલ્લા ત્રણ દિવસથી ઉત્પાદન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. સતત ત્રીજા દિવસે પાણીનો ભરાવો રહેતાં ઉદ્યોગોને કરોડો રૂપિયાનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

સૌથી વધુ અસર ભેદવાડ ખાડીને અડીને આવેલી આશરે 20 જેટલી ટેક્સટાઈલ મિલ પર થઈ છે. અહીં 5થી 6 ફૂટ સુધી પાણી ભરાતાં મશીનરી, તૈયાર અને અર્ધ તૈયાર કાપડ, રો-મટિરિયલ તેમજ વીજ ઉપકરણોને ભારે નુકસાન થયું છે. પાવરલૂમ, ડાઈંગ, પ્રોસેસિંગ, વિવિંગ, કેમિકલ, એન્જિનિયરિંગ, સોલ્ટ એન્ડ આઈસ, ચિચવા પાઉડર અને ચૂનો બનાવતી ફેક્ટરીઓ સહિત અનેક પ્રકારનાં ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદન બંધ કરવાની ફરજ પડી છે.

પરિસ્થિતિ વધુ ગંભીર ત્યારે બની જ્યારે પાંડેસરા CETP અને પમ્પિંગ સ્ટેશનમાં પણ લગભગ 6 ફૂટ સુધી પાણી ભરાઈ ગયું. જેના કારણે ગંદા પાણીના નિકાલની સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ ગઈ અને અનેક મિલો ફરી શરૂ કરવી મુશ્કેલ બની છે. પાણી ઊતર્યા બાદ પણ મશીનરીની સફાઈ, ઈલેક્ટ્રિકલ સિસ્ટમની મરામત અને સલામતી ચકાસણી પૂર્ણ થયા પછી જ ઉત્પાદન શરૂ થઈ શકશે તેવી સ્થિતિ છે.

ભારે વરસાદ દરમિયાન કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં કામદારો ફસાઈ જતાં તેમનું રેસ્ક્યુ પણ કરવું પડ્યું હતું. બીજી તરફ જીઆઈડીસી દ્વારા CSR ફંડમાંથી વિકસાવવામાં આવેલા CETP અને અમૃતવન વિસ્તારમાં વાવવામાં આવેલા અંદાજે 50 હજાર જેટલાં ફૂલછોડ અને વૃક્ષો પણ પાણીમાં ગરક થઈ જતાં લાખો રૂપિયાનું નુકસાન થયું છે. ઉદ્યોગોને રાહત આપવા માટે પાંડેસરા મિલ એસો.એ મહત્ત્વનો નિર્ણય લીધો છે. CETPના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ (O|M) ચાર્જમાં આગામી એક મહિના માટે 50 ટકા રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે, જેથી અસરગ્રસ્ત એકમોને આર્થિક સહાય મળી શકે.

# પલળેલો રૂપિયા 100નો માલ માત્ર 10-20માં વેચવાની મજબૂરી



સુરતઃ નાના વરાછાના શ્યામધામ ચોક નજીક આવેલી વંદના સોસાયટી વિસ્તારમાં અનેક દુકાનોમાં પાણી ઘૂસી જતાં કપડાં સહિતનો મોટાપાયે માલસામાન પલળી ગયો હતો. પૂરનું પાણી ઊતર્યા બાદ વેપારીઓ હવે નુકસાન ઘટાડવા માટે ભીંજાયેલો અને પેકિંગ ખરાબ થયેલો માલ ભારે ડિસ્કાઉન્ટ સાથે વેચી રહ્યા છે. દુકાનદારો દ્વારા મૂળ કિંમતના માત્ર 20થી 30 ટકા ભાવે વેચાણ શરૂ કરાતા મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે ઉમટી પડ્યા હતા. રૂ.100ની વસ્તુ રૂ.10થી રૂ.20માં, જ્યારે રૂ.500ના કપડાં રૂ.50થી રૂ.100માં વેચાતા ખરીદી માટે પડાપડી થઈ હતી.

## કાપડ ઉદ્યોગ માટે વિશેષ પેકેજ જાહેર કરવા ફોગવાની CM સમક્ષ રજૂઆત

સુરતઃ ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલફેર એસોસિએશનના પ્રમુખ અશોક જીરાવાળા અને સેક્રેટરી સંજય દેસાઈએ ટેક્સટાઈલ ઉદ્યોગને થયેલા વ્યાપક નુકસાન માટે તાત્કાલિક સરવે કરાવી આર્થિક સહાય મંજૂર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી. સુરતમાં અતિવૃષ્ટિને કારણે વિવિંગ, એમ્બ્રોઈડરી, વેલ્યુડિશન વર્ક, કાપડ માર્કેટ સહિતના ટેક્સટાઈલ ઉદ્યોગને વ્યાપક નુકસાન થયાની ફરિયાદો મળી રહી છે.

તાજેતરમાં સુરત શહેર તથા આસપાસના વિસ્તારોમાં પડેલા અત્યંત ભારે વરસાદ અને પાણીના ભરાવાને કારણે ટેક્સટાઈલ ઉદ્યોગને અત્યંત વ્યાપક નુકસાન થયું છે. સુરત ગુજરાતનું મુખ્ય ટેક્સટાઈલ હબ હોવાથી હજારો મિલો, પાવરલૂમ યુનિટ્સ, પ્રોસેસિંગ હાઉસ અને એમ્બ્રોડરી ઉદ્યોગો પૂરી રીતે પાણીમાં ડૂબી ગયા છે. મશીનરી, કાચો માલ, તૈયાર માલ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટા પાયે નુકસાન થયું છે.

## શાસકોમાં શરમ હોય તો પ્રી-મોન્સૂન કામગીરીના આંકડા જાહેર કરે: વિપક્ષ

**સમીક્ષા** બેઠક માત્ર ઔપચારિકતા, કરોડોના હિસાબો જાહેર કરોઃ પાયલ સાકરિયા

સુરતઃ મહાનગરપાલિકાના પૂર્વ વિપક્ષ નેતા અને આમ આદમી પાર્ટીના નેતા પાયલ સાકરિયાએ ચોમાસા દરમિયાન સર્જાયેલી પરિસ્થિતિને લઈને ભાજપ શાસિત સુરત મહાનગરપાલિકા પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે દર વર્ષે ખાડીપૂર, જળબંબાકાર અને પાણી ભરાવાની સ્થિતિ સર્જાય છે, જેના કારણે લોકોના જાનમાલને ભારે નુકસાન થાય છે, છતાં પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ સીમિત રહેતી હોવાનું જણાય છે.

સાકરિયાએ પ્રશ્ન ઉઠાવ્યો કે જો દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરી કરવામાં આવતી હોય તો શહેરમાં વારંવાર પાણી કેમ ભરાય છે? તેમણે મેયર, ધારાસભ્યો, કોર્પોરેટરો અને અધિકારીઓની સમીક્ષા બેઠકોને માત્ર ઔપચારિકતા ગણાવી તંત્રની કામગીરી પર સવાલ ઉઠાવ્યા. ચોમાસામાં થયેલા મૃત્યુ માટે જવાબદારી નક્કી કરવાની માંગ સાથે તેમણે સ્ટોર્મ વોટર ડ્રેનેજ અને ખાડી વિકાસ પાછળ ખર્ચાયેલા કરોડો રૂપિયાનો હિસાબ જાહેર કરવાની માંગ કરી હતી.

તેમણે કહ્યું કે સુરત દેશના સૌથી વધુ કર આપતા અને ઊંચા જીડીપી ધરાવતા શહેરોમાં સામેલ હોવા છતાં નાગરિકોને મૂળભૂત સુવિધાઓ મળતી નથી. પૂર સમયે લોકો એકબીજાની મદદ કરે છે, જ્યારે તંત્ર નિષ્ફળ સાબિત થાય છે. તેમણે નાગરિકોને અન્યાય સામે અવાજ ઉઠાવવાની અપીલ કરતાં કહ્યું કે જો શાસકોમાં થોડી પણ શરમ બાકી હોય તો પ્રી-મોન્સૂન કામગીરીના આંકડા, ખર્ચ અને કોન્ટ્રાક્ટરોની વિગતો જાહેર કરવી જોઈએ.



# પરવટ ગામની શાળામાં બે દિવસથી ફસાયેલા વિદ્યાર્થી સહિત 6નું રેસ્ક્યુ

**શાળાની** આસપાસ અંદાજે પાંચ ફૂટ જેટલું પાણી ભરાઈ ગયું હતું

સુરતઃ સુરત શહેરમાં સતત બે દિવસ સુધી વરસેલા ભારે વરસાદ અને ખાડીમાં આવેલા પૂરથી પરવટગામ વિસ્તાર જળબંબાકાર બન્યો હતો. ચોર્યાસી ડોરી સામે આવેલી સરસ્વતી વિદ્યાલયમાં બે દિવસથી વીજળી વિના અને ભોજન વગર ફસાયેલા છ લોકોને ફાયર બ્રિગેડે સફળ રેસ્ક્યુ કરીને સલામત સ્થળે ખસેડ્યા હતા. વિદ્યાલયમાં અમન પારવી (22), સલીમ વડવી (26), વિશાલ પાડવી (25), નિકીતાબેન પાડવી (21), વિપક્ષ વલવી (19) અને ગણેશભાઈ (72) પૂરનાં પાણીથી ઘેરાઈ જતાં બહાર નીકળી શક્યા નહોતા. શાળાની આસપાસ અંદાજે પાંચ ફૂટ જેટલું પાણી ભરાઈ જતાં તેઓ બે દિવસ સુધી વીજળી અને ખોરાક વગર મુશ્કેલીમાં રહ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર ઓફિસર રમેશ સેલેરના નેતૃત્વમાં ફાયર બ્રિગેડની ટીમ રિંગ બોયાની મદદથી શાળા સુધી પહોંચી હતી. સૌપ્રથમ ફસાયેલા લોકોને ફૂડ પેકેટ આપીને તેમની ભૂખ શમાવી હતી. ત્યારબાદ રિંગ બોટની મદદથી તમામ છ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી સલામત સ્થળે પહોંચાડવામાં આવ્યાં હતા. રેસ્ક્યુ બાદ તમામ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# શહેરમાં દર વર્ષે ભરાતા 98 ઉપરાંત ચાલુ વર્ષે નવા 85 વિસ્તારો પાણીમાં ગરકાવ



**ભારે** વરસાદમાં સુરત આખું પાણી-પાણી થતાં પ્રજામાં ઉગ્ર રોષ, સૌથી વધુ ઉધનામાં 19 અને લિંબાયતમાં 18 નવા વોટર લોગિંગ એરિયા ઉમેરાયા

સુરતઃ સોમવાર અને મંગળવારે શહેરમાં તૂટી પડેલા ધોધમાર વરસાદના કારણે સમગ્ર સુરત જળબંબોળ બન્યું હતું. ઠેર-ઠેર ઘૂંટણસમા પાણી ભરાઈ જવાના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ચક્કાજામની સ્થિતિ સર્જાઈ હતી. આ વખતે આશ્ચર્ય અને આક્રોશની વાત એ રહી કે શહેરના એવા અનેક વિસ્તારો જે ક્યારેય ડૂબ્યા નથી, તેમણે પણ પહેલીવાર આ પ્રકારે પાણીનો ભરાવો વેઠવો પડ્યો છે. આ અણધારી આફતને કારણે મનપા સામે જનતાનો ભારે રોષ ફાટી નીકળ્યો છે. સુરતમાં સામાન્ય રીતે દર વર્ષે ચોમાસાની સિઝનમાં 98 જેટલા વિસ્તારોમાં પાણી ભરાય છે. પરંતુ ચાલુ વર્ષની વિકટ સ્થિતિ જોતાં તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીની નિષ્ફળતા અને લાપરવાહી આંખે ઉડીને વળગી છે, કારણ કે આ વર્ષે શહેરમાં નવા 85 વિસ્તારો વોટર લોગિંગ (પાણી ભરાવાના) લિસ્ટમાં ઉમેરાયા છે.

**ઝોન વાઈઝ ઉમેરાયેલા નવા વોટર લોગિંગ વિસ્તારોની યાદી**

| ઝોન | નવા વિસ્તારો |
|---|---|
| ઉધના | 19 |
| લિંબાયત | 18 |
| કતારગામ | 12 |
| વરાછા ઝોન | 12 |
| સરથાણા | 11 |
| સચીન | 3 |
| અઠવા | 2 |

વહીવટી તંત્રએ ખુદ સ્વીકારવું પડ્યું છે કે, ચાલુ વર્ષે થયેલા અતિભારે વરસાદને કારણે શહેરમાં નવા વોટર લોગિંગ એરિયાનો મોટો ઉમેરો થયો છે. દર વર્ષે ચોમાસામાં ભૌગોલિક પરિસ્થિતિને કારણે જે નીચાણવાળા વિસ્તારો અસરગ્રસ્ત થતા હતા, તે સિવાયના નવા 85 વિસ્તારો આ વર્ષે પૂરના પાણીની ઝપેટમાં આવી ગયા છે. આ નવા વિસ્તારો ઉમેરાવા પાછળ તંત્રનું નબળું આયોજન જવાબદાર હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદથી ઉદ્યોગોને કરોડોનું નુકસાન પહોંચ્યું

**નુકસાનીનો** સચોટ અંદાજ મેળવવા ચેમ્બરે એસોસિએશન પાસે વિગતો મંગાવી

**એકત્રિત** કરાયેલા ડેટાના આધારે રાજ્ય અને કેન્દ્ર સરકાર સમક્ષ વિશેષ આર્થિક પેકેજ માટે રજૂઆત કરાશે

સુરતઃ છેલ્લા કેટલાક દિવસોથી સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસેલા અતિભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને કારણે સ્થાનિક વેપાર, ઉદ્યોગ અને ધંધા-રોજગારને વ્યાપક પ્રમાણમાં આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ પ્રોસેસિંગ હાઉસ, વણાટ ઉદ્યોગ, ડાયમંડ એકમો અને અસંખ્ય MSME સેક્ટરની ફેક્ટરીઓમાં પાણી ભરાઈ જવાને કારણે મશીનરી, કાચો માલ અને તૈયાર સ્ટોકને ભારે નુકસાન પહોંચ્યું છે. આ નુકસાનીનો વ્યવસ્થિત, સત્તાવાર અને વાસ્તવિક અંદાજ મેળવવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા એક વિશેષ કવાયત હાથ ધરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અશોક જીરાવાલાએ પ્રભાવિત ઉદ્યોગકારોને અપીલ કરતા જણાવ્યું છે કે, “અતિવૃષ્ટિને કારણે દક્ષિણ ગુજરાતના નાના-મોટા ઉદ્યોગો અત્યારે ભારે કટોકટીમાંથી પસાર થઈ રહ્યા છે. ઉદ્યોગોને આ સંકટમાંથી બહાર લાવવા અને તેમને યોગ્ય સરકારી મદદ અપાવવા માટે આપણી પાસે નુકસાનનો એક વ્યવસ્થિત અને સત્તાવાર ડેટા હોવો અત્યંત અનિવાર્ય છે. આથી દક્ષિણ ગુજરાતનાં જે પણ ઔદ્યોગિક એકમો, ફેક્ટરીઓ કે વ્યાપારી પેઢીઓને નુકસાન થયું હોય, તેઓ વિગતો સાથે પોતાની રજૂઆત તાત્કાલિક ચેમ્બરને મોકલી આપે.”

ઉદ્યોગકારો પોતાની નુકસાનીનો વિગતવાર અહેવાલ (જેમાં અંદાજિત આર્થિક નુકસાન, મશીનરી કે માલસામાનની વિગત અને જે-તે વિસ્તારનું નામ સામેલ હોય) નીચે મુજબના માધ્યમથી ચેમ્બર સુધી પહોંચાડી શકે છે.

વિવિધ ઇન્ડસ્ટ્રિયલ એસોસિએશનો અને વ્યાપારી સંગઠનો પોતાના સભ્યોની વિગતો એકત્રિત કરીને સામૂહિક રીતે ચેમ્બરને મોકલી શકે છે. જો કોઈ ઉદ્યોગકાર સીધી રીતે વિગતો મોકલવા માંગતા હોય, તો તેઓ લેખિત રજૂઆત અથવા ચેમ્બરના સત્તાવાર ઈ-મેઈલ પર સીધી માહિતી મોકલી આપશે.